પાલનપુરનો ચાર વર્ષનો બાળક રામાયણ, મહાભારત, હનુમાન ચાલીસા હુંડી મુખેથી ઉચ્ચારતા લોકો અચરજમાં

પાલનપુરનો ચાર વર્ષનો બાળક રામાયણ-મહાભારત નરસિંહ મહેતા, હનુમાન ચાલીસા હુંડી મુખેથી ઉચ્ચારતા લોકો અચરજ મુકાયા છે. પાલનપુરનો ચાર વર્ષીય બાળક કે જે પોતાની

રમત ની ઉંમર માં હિન્દુ સંસ્કૃતિના પાઠો ભણવા લાગ્યો છે પોતે વાંચતા શીખે તે પહેલા જ બાળક રામાયણ, મહાભારતનું મોટા ભાગનું જ્ઞાન ધરાવતો થઈ ગયો છે જ્યારે શિવ તાંડવ, હનુમાન ચાલીસા સહિત નરસિંહ મહેતાની હૂંડી પોતાની મુખેથી ઉચ્ચારતા લોકો અચરજ પામે છે પાલનપુર રામ નિવાસ ખાતે રહેતા સલોનીબેન વિપુલભાઈ ઠાકરનો ચાર વર્ષીય પુત્ર માધવ કે જે એલકેજીમાં અભ્યાસ કરે છે માધવ વધુ ધાર્મિક ગ્રંથો સહિત સાહિત્યમાં રસ ધરાવે છે જ્યારે પિતા કે માતા નો મોબાઈલ લઈ ને ગેમ નથી રમતો પરંતુ અલગ અલગ સાહિત્યના વિડિયો નિહાળે છે ચાર વર્ષની ઉંમરે માધવ હિન્દુ ધર્મના રામાયણ,-મહાભારતની મોટાભાગની ગાથાઓ પોતાના મુખેથી વર્ણન કરે છે જ્યારે મહાભારતના શ્લોક અભિનય સાથે રજુ કરતા તેની પાસે બેસીએ તો નાના પાસે નહીં પરંતુ કોઈ ઉંમરલાયક વિદવાન પાસે બેઠા હોઈએ એવું મહેસુસ થાય છે આ ચાર વર્ષીય નાનું બાળક જોકે તેને રમવાની ઉંમરે આજે રામાયણ મહાભારત જેવી મોટા ભાગની ગાથા હાલ મોઢે છે..આજ કાલ ના બાળકો જ્યાં મોબાઈલ રમતા હોય છે.ત્યારે આ ચાર વર્ષીય બાળક ગ્રંથો મોઢે બોલી રહ્યો ત્યારે લોકો પણ અચરજ પામી રહ્યા છે.

પાલનપુર ખાતે નૂતન હાઈસ્કૂલ નજીક જુગાર રમતાં ૪ શખ્સો ઝડપાયા

પાલનપુર ખાતે નૂતન હાઈસ્કૂલ નજીક જુગાર રમતાં ૪ શખ્સોને પોલીસે ઝડપી લીધા હતા. જેમની પાસેથી રોકડ રૂપિયા, મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા ૧૦૨૮૦નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

બાતમીના આધારે પૂર્વ પોલીસની ટીમે ઓચિંતો છાપો માર્યો હતો. જ્યાં જુગાર રમતાં પાલનપુરના અબ્દુલસતાર ઉમરભાઈ શેખ, મહંમદ યુસુફ નથ્થુભાઈ કુરેશી, મુખત્યારભાઈ ઈબ્રાહિમભાઈ બેલીમ અને રફીકભાઈ બસીરભાઈ નાગોરીને ઝડપી લીધા હતા. જેમની પાસેથી રૂપિયા ૧૦૨૮૦ રોકડા કબ્જે લઈ તમામની સામે જુગારધારાની કલમ મુજબ ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પક્ષીઓની ચિંતા એટલે 'કરૂણા અભિયાન' : વિજયભાઈ રૂપાણી

મુખ્યમંત્રીએ પતંગની દોરીથી ઘાયલ થતા પશુ-પક્ષીની વન્યજીવ સંભાળ કેન્દ્રમાં સારવાર નિહાળી

ગાંધીનગર, તા. ૧૨

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે મકરસંક્રાતિ અતી મહત્વનો ઉત્સવ છે. ઉત્તરાયણમાં પતંગ અને દોરીનુ વ્યાપક ઉપયોગ કરવામાં આવે છે. દોરીને કારણે માનવીની સાથે પક્ષી પણ ઘવાય છે ત્યારે નિઃસહાય પક્ષીઓને ત્વરીત સારવાર મળે તે અત્યંત જરૂરી છે.

અમદાવાદના વન્યજીવ સંભાળ કેન્દ્ર પર પત્રકારોને સંબોધતા મુખ્યમંત્રીએ કહ્યું કે છેલ્લા ત્રણ વર્ષથી રાજ્ય સરકારે પક્ષીઓની ત્વરિત અને અસરકારક સારવાર માટે 'કરૂણા અભિયાન' ચલાવ્યું છે. તેમણે કહ્યું કે પશુપાલન વિભાગ, વન વિભાગ અને સ્વૈછિક સંસ્થાઓના સહયોગથી પતંગની દોરીથી પક્ષીના જીવ બચાવવા કરૂણા અભિયાન ચલાવવામાં આવે છે.

મુખ્યમંત્રીએ કહયું કે કરૂણા અભિયાન અંતર્ગત હેલ્પલાઇન નંબર, સ્થળ પર સારવાર માટે એમ્બ્યુલન્સ અને આઇ.સી.યુ.ની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. પક્ષી ફરીથી ઊડવાને સક્ષમ બને ત્યાં સુધી તેને સારવાર કેન્દ્રમાં રાખવામાં આવે છે.

મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું કે જીવ-દયાનું કામ કરતી અનેક સ્વૈછિક સંસ્થાઓ પણ આ અભિયાનમાં જોડાઇ છે. ૬૫૦ હોસ્પિટલ અને ૫૦૦૦ સરકારી કર્મચારીઓ સહિત ૧૩૫૦૦ લોકો કરૂણા અભિયાનમાં જોડાયા છે.

મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે આ અભિયાન શરૂ થયા પૂર્વે અંદાજે ૩૫ હજારથી વધુ પક્ષીઓ ઉતરાયણ દર વર્ષે મૃત્યુ પામતા હતા. કરૂણા અભિયાન થકી લોકો અને પતંગ રસિકો જાગૃત બન્યા છે.

મુખ્યમંત્રીએ ચાઇનીઝ, પ્લાસ્ટિક અને કોટેડ દોરી તથા તુક્કલના વ્યાપારી અને તેના ઓનલાઇન વિક્રેતા સામે પણ કડક કાર્યવાહી કરી દરેક જીવને અભયદાનની નેમ વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કરૂણા અભિયાન અંતર્ગત વન્યજીવ સંભાળ કેન્દ્રની મુલાકાત વેળાએ પતંગની દોરીથી ઘાયલ થતા પશુ-પક્ષીની સઘન સારવાર નિહાળી હતી. ત્યારબાદ મુખ્યમંત્રીએ પ્રાંગણમાં વૃક્ષારોપણ કર્યું હતું. મુખ્યમંત્રીએ કરૂણા અભિયાન અંતર્ગત કાર્યરત સ્વૈછિક સંસ્થાઓના પ્રતિનિધીઓ સાથે વાર્તાલાપ પણ કર્યો હતો.

વન્યજીવ સંભાળ કેન્દ્ર પરના કરૂણા અભિયાન સિગ્નેચર કેમ્પેઈન બોર્ડ પર મુખ્યમંત્રીએ તેઓના હસ્તાક્ષર સાથે 'પક્ષીઓની ચિંતા એટલે કરૂણા અભિયાન' લખી જીવદયાનો સંદેશ આપ્યો હતો.

આ અવસરે વન અને પ્રવાસન મંત્રી ગણપત વસાવા, ધારાસભ્ય ભુપેન્દ્ર પટેલ, મેયર શ્રિમતી બિજલબેન પટેલ, વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ રાજીવ ગુપ્તા, કલેક્ટર કે. કે. નિરાલા, વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને વન્યજીવ-પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડીસામાં હથિયારધારી ટોળાએ ખેતરમાં બિનધિકૃત પ્રવેશ કરતા વિવાદ વકર્યો

ઉભા પાકને નુકશાન કરી ઘાસ સળગાવી હંગામો મચાવ્યો

ડીસા

ડીસાના માર્કેટયાર્ડ નજીક આવેલા સર્વે નં.૨૨૧ અને ૨૨૫ પૈકીની ૫૨ એકર ૪ ગુંઠા જમીન અંગે ૧૯૮૨ થી ટાઈટલ ક્લિયર

બાબતની કોર્ટ મેટર ચાલે છે. તેમ છતાં આ જમીનમાં ૯ના રોજ હથિયારો સાથે પ્રવેશેલ ટોળાએ તોડફોડ કરી હંગામો મચાવતા ભારે તંગદિલી ફેલાઈ હતી જેના પગલે પોલીસ દોડી આવી હતી અને ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ સમગ્ર ઘટના બાબતે થયેલ પોલીસ ફરિયાદની વિગતો મુજબ ડીસામાં રાજપુર ડીસા માર્કેટયાર્ડ પાછળ આવેલ સર્વે નમ્બર ૨૨૧અને ૨૨૫ પૈકીની કુલ ૫૨ એકર ૦૪ ગુંઠા જમીનમાં સને૧૯૮૨ થી ટાઈટલ ક્લિયર બાબતની તકરાર ચાલે છે જેમાં વખતો વખત ડિસ્ટ્રીક કોર્ટ ડીસા, ગુજરાત હાઈ કોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટ દિલ્હી વગેરે તમામ કોર્ટોમાં સદર જમીન બાબતના દાવાઓના ઓર્ડર થયેલા છે અને વાદિ પ્રતિવાડીઓ વચ્ચે સમાધાન અંતર્ગત વાદિઓને સદર જમીનનો અધિકારીક રીતે કબજો સને ૨૦૦૬ થી મળેલ હતો જેની બ્હાલી ઉપરોક્ત તમામ કોર્ટો દ્વારા વખતો વખતના હુકમથી સ્પષ્ટ છે હાલમાં પણ સદર કેસ નામદાર ગુજરાત હાઈ કોર્ટમાં ચાલુ છે તેમા પણ પ્રતિવાદિ ઓ દ્વારા કરેલ વચગાળાની અરજીમાં થયેલ હુકમમાં નામદાર કોર્ટ સ્પષ્ટપણે વાદીઓનો કબજો માન્ય રાખેલ છે તેમજ તેને જાળવી રાખવા તેની સાચવણી કરવાનો હુકમ કરેલ છે જેથી સદર જમીનના પ્રતિવાદીઓ દાવાવાળી જમીનનો કબજો આડકતરી રીતે પડાવી લેવા જાતજાતના કાવાદાવા કરતા આવેલ છે તેમ છતાં સફળતા ન મળતાં સાતેક દિવસ અગાઉ પ્રતિવાદિઓએ ભેગા મળી તેમના પૈકી સમીર રતિલાલ પટેલને આગળ કરી ડીસા પોલીસ સ્ટેશનમાં પ્રતિવાદિ જમીનનો કબજો લેવા જઈએ તો પોલિસ રક્ષણ મળે એવી ખોટી અરજીઓ પણ કરેલ જે અંગે વાદીઓએ તેનો વિગતવાર જવાબ તેમજ નકલો નામદાર ગુજરાત હાઈકોર્ટમાં રજૂ કરેલ છે તેમ છતાં આ જમીનનો કબજો ખોટી રીતે પડાવી લેવા પ્રતિવાદીઓએ પૂર્વ આયોજિત કાવતરું રચી ૯મીના રોજ આશરે સાંજના સુમારે ૪.૩૦ વાગે લગભગ ૧૨૫ થી ૧૫૦ માણસોનું ટોળું દાવાવાળી જગ્યા ઉપર લાકડીઓ, તલવારો જેવા હથિયારો સાથે ધસી આવેલ અને વાડ તેમજ ગેટને નુકસાન કરી અંદર ઘુસી ગયા હતા તથા બોર્ડ ને પણ તોડી પડેલ અને જમીનના ઉભા પાકને નુકસાન કરેલ સૂકા ઘાસના પુળામાં આગ લગાડેલ તેમજ રખેવાળી કરતા લોકોને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપેલ અને માર મારેલ જે બાબતે રૂપકિશોર બી. અગ્રવાલ દ્વારા ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ કરતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુરની સ્વસ્તિક શૈક્ષણિક સંકુલ ખાતે ૧૨૫ બાળકોએ પતંગની પ્રતિકૃતી તૈયાર કરી

સોળગામ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ સંચાલિત સ્વસ્તિક બાલમંદિર ખાતે ઉતરાણ પર્વની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી.ઉતરાયણ પર્વને આવકારતી કૃતી બનાવવામાં આવી હતી.હાલના પ્રવર્તમાન સમયમાં તહેવારનું મહત્વ દિન પ્રતિ દિન ઘટી રહ્યું છે. બાળકોમાં તહેવારો દ્વારા પારિવારિક ભાવનાનો વિકાસ થાય તેવા શુભાશયથી સ્વસ્તિક બાલમંદિરના ૧૨૫ બાળકોએ ઉત્તરાયણ પર્વને આવકારતી ૧૨૫ ફુટની બાળ સમુહ પતંગ તૈયાર કરવામાં આવી હતી. તે પતંગ આકર્ષણનું કેન્દ્ર બની હતી.

ગામડી નજીક કાર પલ્ટી ખાતા એકનું મોત, ત્રણને ઈજા

હિંમતનગર, તા. ૧૨

હિંમતનગર તાલુકાના ગામડી નજીકથી ૨૬ દિવસ અગાઉ પસાર થઈ રહેલ એક કારના ચાલકે પોતાની કારને ગફલતભરી રીતે તથા બેદરકારીપૂર્વક હંકારી આ કારને રોડની બાજુમાં આવેલ ગળનાળા સાથે ટકરાવી પલ્ટી ખવડાવી દેતા એક વ્યક્તિનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું. તથા કારના ચાલક સહિત ત્રણ જણાને ઈજા થઈ હતી. જે અંગે ફરીયાદ શુક્રવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. આ અંગે અજમેર જિલ્લાના બ્યાવરના સંજયકુમાર સીતારામ ભાટીએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૨૦ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ કાર નં. આરજે-૩૬-સીએ-૬૪૬૪ લઈને જઈ રહેલા ચાલક ગામડી નજીકથી પસાર થઈ રહ્યો હતો. ત્યારે તેણે અચાનક કારને પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દીધો હતો. જેના કારણે આ કાર રોડની સાઈડમાં આવેલ ગળનાળા સાથે ટકરાઈને પલ્ટી મારી ગઈ હતી. જેના લીધે કારમાં જઈ રહેલા રાધેશ્યામભાઈ પીરાભાઈ ભાટીનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યુ હતુ. તથા કાર પલ્ટી ખાઈ જવાને કારણે કારના ચાલક રાજેશભાઈ સત્યાનારાયણ ભાટી અને શીલાબેન તથા રાધેશ્યામભાઈ ભાટીને પણ ઈજા થઈ હતી. જેથી રાધેશ્યામભાઈ ભાટીએ કારના ચાલક રાજેશભાઈ ભાટી વિરૂદ્ધ શુક્રવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

છીનવવા નહીં

● અનુસંધાન પહેલાનું ચાલુ

કાયદાને લઈને ઘણી ચર્ચા કરી રહ્યા છે. ઘણા પ્રશ્નો તેમના મનમાં ભરવામાં આવ્યા છે. મોટાભાગના યુવાનો અફવાઓનો શિકાર બન્યા છે. આવા યુવાનોને સમજાવવા અને સંતુષ્ટ કરવાની જવાબારી અમારી છે. રાષ્ટ્રીય યુવા દિવસ પર દેશ અને પશ્ચિમ બંગાળ તેમજ નોર્થ ઈસ્ટના યુવાનોને હું આ પવિત્ર ધરતી પરથી જણાવવા માંગુ છું કે નાગરિકતા આપવાનો કાયદો અમે રાતોરાત નથી ઘડ્યો. મોદીએ કહ્યું કે યુવાઓ સમજી ગયા કે સીએએ શું છે, પરંતુ દેશના નેતાઓ હજી સમજવા માગતા નથી. દુનિયામાં યુવાઓની આબાદી ભારતમાં સૌથી વધારે છે અને ભારતના યુવા જે અભિયાનમાં જોડાય છે તેની સફળતા નક્કી છે.

આ કાયદો નાગરિકતા આપવા માટનો છે અને કોઈની નાગરિકતા છીનવી લેવા માટેનો નથી. નાગરિકતા સંશોધન કાયદો એ અગાઉના કાયદામાં કરાયેલું સંશોધન છે. કાયદો પહેલેથી અમલમાં જ હતો. દેશના ભાગલા વખતે જે લોકોને સંકટનો સામનો કરવો પડ્યો, તેવા લોકો જે ધર્મના આધારે અત્યાચારનો ભોગ બન્યા, તેમને પૂજ્ય મહાત્મા ગાંધીથી લઈને તમામ દિગ્ગજ નેતાઓનું તે સમયે કહેવું હતું કે ભારતે આવા લોકોને નાગરિત્વ આપવું જોઈએ, તેમ વડાપ્રધાને જણાવ્યું હતું.

આતંકવાદી

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળતી માહિતી મુજબ, જે ડીએસપીની ધરપકડ કરવામાં આવી છે તેના સંબંધ આતંકવાદીઓ સાથે જોડાયેલા છે. આ ત્રણેયની એક ગાડીમાંથી ધરપકડ કરવામાં આવી જેમાં ત્રણેય સાથે જઈ રહ્યા હતા. ડીએસપીના શ્રીનગર સ્થિત ઘરમાં કરવામાં આવેલા દરોડામાં એક છદ્ર-૪૭ રાઈફલ અને એક પિસ્તોલ જપ્ત કરવામાં આવી છે.

નોંધનીય છે કે, હાલના સમયમાં આવું પહેલીવાર જોવા મળ્યું છે કે જ્યારે એક ડીએસપી રેંકના અધિકારી આતંકવાદીઓ સાથે આ રીતે પકડાયા હોય. હાલ આ ત્રણેયની પૂછપરછ કરવામાં આવી રહી છે. બીજી તરફ, દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં શનિવારે ત્રણ આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી. પોલીસના એક અધિકારીએ આ જાણકારી આપતાં જણાવ્યું કે, આતંકવદ વિરોધી અભિયાન દરમિયાન બિજબેહાર વિસ્તારથી આ આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી. તેઓએ જણાવ્યું કે ધરપકડ આતંકવાદીઓની ઓળખ અને તેમના સંગઠન વિશે તપાસ કરવામાં આવી રહી છે.

ધારાસભ્યો અસંતુષ્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાણેએ દાવો કરતા કહ્યું હતું કે, ઠાકરેના ખેડુતોની દેવા માફીના વચનો પણ બિનજરૂરી દેખાઈ રહ્યા છે. કારણ કે આમા દેવા માંફીને ક્યારે અમલી કરાશે તેઓ ઉલ્લેખ કરાયો નથી. મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેની ઔરંગાબાદ યાત્રાનો ઉલ્લેખ કરતા રાણેએ કહ્યું હતું કે, તેઓ કોઈ યોજનાની જાહેરાત કર્યા વગર જ આ ક્ષેત્રને કોઈ ફંડ આપ્યા વગર પરત ફર્યા છે. આવી સરકારથી કોઈ અપેક્ષા રાખી શકાય નહી. સરકાર ચલાવવાના સંદર્ભમાં તેમની પાસે કોઈ પણ પ્રકારની માહિતી નથી. કોઈ અનુભવ નથી. ભાજપ અને રાજ ઠાકરેના નેતૃત્વમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેના વચ્ચે વધી રહેલા સંબંધો અંગે વાત કરતા રાણેએ કહ્યું હતું કે, ભાજપ પ્રમુખ જ આ સંદર્ભમાં કોઈ વધારે વાત કરી શકે છે. મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી પદના મુદ્દે શિવસેનાએ જિદ્દી વલણ અપનાવ્યા બાદ ભાજપ અને શિવસેના વચ્ચેના સંબંધો તુટી ગયા હતા અને બંને પાર્ટીઓ અલગ પડી હતી.

હાજરીને ટાળી

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોદી સાથે બીજી વખત હાજરી નહી આપવાનો નિર્ણય કર્યો હતો. કારણ કે લેફ્ટના લોકો સીએએને લઈને જોરદાર નારાજ દેખાઈ રહ્યા છે. સુત્રોના કહેવા મુજબ મમતા બેનર્જીને વડાપ્રધાનની સામે ભાષણ આપવાની જરૂર હતી. આ જ કારણસર તેઓએ કાર્યક્રમમાં ભાગ લેવાનો ઈન્કાર કરી દીધો હતો. નેતાજી ઈન્ડોર સ્ટેડિયમમાં આયોજીત આ કાર્યક્રમ માટે મમતા બેનર્જીને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. મમતા બેનર્જીએ શનિવારના દિવસે મોદીને મળીને તેમને નાગરિકતા કાનુનને પરત લેવાની અપીલ કરી હતી. આ મુલાકાતને લઈને મમતા બેનર્જીને ભારે વિરોધ પ્રદર્શનનો સામનો કરવાની ફરજ પડી હતી. લેફ્ટ સગઠનોએ મોદી સમક્ષ મમતાની મુલાકાતનો વિરોધ કર્યો હતો. સાથે સાથે સીએએની સામે ચાલી રહેલી લડતને નબળી પાડવાનો આક્ષેપ કર્યો હતો.

ભીડ જામી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફરી વળ્યુ છે. ધાબા ગજવતા ઉતરાયણના પર્વમાં આકાશી નઝારો બદલાય છે. જયારે આજે રજાના દિવસે પતંગરસિયાઓએ પતંગ દોરી ખરીદવાની સાથે પતંગ ચગાવાની પણ વિશેષ મજા માંણી હતી. નગરના પતંગ બજારોમાં વિશેષ ભીડ જોવા મળી હતી સે-૭, સે-૨૧ સે-૬ ના મેદાન તેમજ સે-૨૪ માં પણ પતંગબજારોમાં પતંગરસિયાઓ ઉમટી પડયા હતા રવિવારની રજા હોવાથી સવારથી જ પતંગ રસિકો ખરીદી માટે નિકળી પડયા હતા. પતંગ દોરી સહીત બાળકોએ અન્ય એસસરીઝની વિશેષ ખરીદી કરી હતી પતંગ બજારમાં દોરી પતંગ કરતા બાળકોને આકર્ષિત કરે તેવી અવનવી એસસરીઝનુ વિશેષ વેચાણ થાય છે. જેમાં માસ્ક અને નતનવા પીપુડા વિશલ સહીતની ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે.

પતંગ દોરીના ભાવમાં પણ ૧૦ થી ૧૫ ટકાનો ભાવવધારો જોવા મળી રહ્યા છે. બજારમાં સફેદ ચીલ પતંગનો કોડીનો ભાવ રૂ ૫૫ છે. જયારે કલર ચીલનો ભાવ ૬૦ રૂપિયા છે. ખંભાતી સફેદ ચીલનો ભાવ રૂ ૬૦ અને કલર ચીલનો ભાવ રૂ ૬૫ જેટલો છે. આ ઉપરાંત ઢાલ પતંગના પંજાના ૪૫૦ રૂપિયાનો ભાવ છે.જયારે ૯ તારની એક હજાર વાર દોરીની કીંમત ૧૮૦ તેમજ ૫ હજાર વારના ૬૫૦ રૂપિયા ભાવ છે. જો કે પતંગ દોરીના ભાવવધારાની વિશેષ અસર બજાર પર વર્તાતી નથી પતંગરસિયાઓ બે દિવસના આ પર્વને ઉત્સાહથી માંણવા ઉત્સુક છે. આજે રજાના દિવસે ગૃહીણીઓ પણ ધાબા સફાઈમાં વ્યસ્ત રહી હતી જો કે ઉતરાયણ પર્વને અનુલક્ષી નગરના કેટલાક પરિવારજનો બહારગામ ફરવા પણ નિકળી ગયા છે. બીજીતરફ સોમવારે પણ પતંગ બજારમાં વધુ ઘરાકી નિખરે તેવી આશા વેપારીઓએ વ્યકત કરી છે. રવિવારે મોડીરાત સુધી પતંગબજાર ધમધમ્યુ હતુ.

ગટરોને ઢાંકવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એકબાજુ માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી પણ કરવામાં આવી રહી છે ત્યારે નગરના મુખ્યમાર્ગો પર ખુલ્લા ઢાંકણો ગમે ત્યારે જાનલેવા અકસ્માત સર્જે તેવી સ્થિતિ છે. શહેરમાં દાયકાઓ જુની ગટરલાઈન આમ પણ સ્થાનિકો માટે સમસ્યારૂપ બની છે ત્યારે ઉભરાતી ગટરોની સાથે ખુલ્લી ગટરો તેમજ સ્ટોર્મ વોટર લાઈનની ખુલ્લી ચેમ્બરના લીધે નિર્દોષ વાહનચાલકો જાન ગુમાવે તેવી સ્થિતિ છે. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ પણ શહેરના સેકટરોમાં રહીશોના ઘર આંગણે ઉદભવતી સમસ્યાઓ નાગરિકો માટે શિરદર્દ બની છે ઘ-૭ પાસેથી રોજબરોજ સંખ્યાબંધ વાહનો પસાર થાય છે ત્યારે માર્ગ વચાળે જ જોખમી સ્થિતિ જોવા મળી રહી છે. તંત્ર દ્વારા ત્વરિત આ ભયજનક ગાબડાને દુર કરવા અલબત્ત ખુલ્લી લાઈનને ઢાંકણ પુરા પાડવામાં આવે તેવી પણ રજુઆત જાગૃત નાગરિકો દ્વારા કરવામાં આવી છે. આ ઉપરાંત શહેરમાં આ મામલે યોગ્ય સર્વે કરી ખુલ્લી ગટર લાઈન કે સ્ટોર્મ વોટર લાઈનની ભયજનક સ્થિતિને ડામવા ત્વરિત કાર્યવાહી કરવામાં આવે તે નાગરિકોના હીત માટે અનિવાર્ય છે.

ભિલોડાના કુંડોલ(પાલ) યુવકનું ગામનાજ ૪ શખ્સોએ અપહરણ કરતા ચકચાર

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળતા લોકો અસલામતીનો અનુભવી રહ્યા છે. મોડાસાના સાયરા(અમરાપુર) ગામની ૧૯ વર્ષીય યુવતીનું અપહરણ, દુષ્કર્મ અને હત્યાની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યારે વધુ એક યુવકનું અપહરણ થતા જીલ્લા પોલીસતંત્રમાં ભારે હડકંપ મચ્યો હતો. ભિલોડાના કુંડોલ (પાલ) ગામના ૨૦ વર્ષીય યુવકનું ગામના જ ચાર શખ્સોએ ગામના પ્રવેશદ્વાર નજીક માર મારી અપહરણ કરતા ભારે ચકચાર મચી હતી. યુવકના અપહરણની ઘટના ભિલોડા પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસે અપહ્યુત યુવકને અપહરણકારોની ચુંગાલમાંથી છોડાવવા સઘન તપાસ આદરતા અપહ્યુત યુવક ગામ નજીક જંગલમાંથી નગ્ન અવસ્થામાં મળી આવતા પરિવારજનો અને પોલીસતંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. અપહરણનો ભોગ બનેલ યુવક માનસિક અવસ્થ હોવાથી પોલીસે ભિલોડા કોટેજ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડી અપહરણકારો ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ગુરૂવારે ભિલોડા તાલુકાના કુંડોલ (પાલ) ગામનો ૨૦ વર્ષીય મહેન્દ્ર શિવાજી પાંડોર નામનો યુવક બાઈક લઈ ભિલોડા સારવાર અર્થે જઈ સાંજના સુમારે ઘરે પરત ફરતા કુંડોલ (પાલ) ગામના વળાંકમાં ગામના ભાવેશ મગન ડામોર, બહાદુર શાંતિલાલ ડામોર, અજય શંકરભાઈ ડામોર અને ગોવિંદ અમૃતભાઈ ડામોરે રસ્તામાં રોકી માર મારતા તેની બહેનને ટેલિફોનિક જાણ કર્યા પછી ફોન અપહરણકારોએ છીનવી લઈ માર મારી અપહરણ કરી લઈ જતા ભારે ચકચાર મચી હતી. યુવકની બહેન અને પાડોશીઓ યુવકની શોધખોળ હાથ ધરાતા મળી ન આવતા અને સ્થળ પરથી બાઈક, ઘડિયાળ, ચપ્પલ અને નજીકમાં વહેતા પાણીમાંથી કપડાં મળતા યુવતી ભિલોડા પોલીસ સ્ટેશન પહોંચી ફરિયાદ નોંધાવતા પોલીસે ૪ શખ્સો સામે ગુન્હો નોંધી ભિલોડા પીઆઈ મનીષ વસાવા અને તેમની ટીમે અપહ્યુત યુવકને અપહરણકારોની ચુંગાલમાંથી છોડાવવા કુડોલ (પાલ) વિસ્તારના જંગલો અને સંભવિત સ્થળોએ ભારે શોધખોળ હાથ ધરી હતી. અપહ્યુત મહેન્દ્ર નામનો યુવક બે દિવસ પછી નગ્ન અવસ્થામાં મળી આવતા અપહરણની ઘટના અને બે દિવસ પછી અપહરણકારો પાસેથી મુક્ત થતા માનસિક અસ્વસ્થ જણાતા પોલીસ અને પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

ભિલોડા પોલીસ સ્ટેશનના પી.આઈ. મનીષ વસાવાના જણાવ્યા અનુસાર ગુરૂવારે સાંજે કુંડોલ(પાલ) ગામ નજીકથી ગામનાજ ચાર શખ્સોએ ૨૦ વર્ષીય યુવકને માર મારી અપહરણ કરેલ યુવક ઘરે પરત ફરતા તેની માનસિક સ્થિતિ કથળતા સારવાર અર્થે ભિલોડા કોટેજ હોસ્પિટલમાં ખસેડી અપહરણકારોને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

પાલનપુરના નળાસર ગામની સીમમાં વનિયર વેજુ જોવા મળ્યું

પાલનપુર તાલુકાના નળાસર ગામની સીમમાં સવારમાં વનિયર વેજુ જોવા મળ્યું હતું. અત્યારે શિયાળાના સમયમાં રાત્રિ દરમિયાન ઠંડીએ જોર પકડ્યું છે અને ખેતરમાં ફુવારા ચાલુ હોવાથી વનિયર વેજુ ખેતરની સીમા ધુમતું નજરે પડ્યુ હતું. ત્યારે નળાસર ગામના પ્રવિવભાઈ કલાણીયાએ પ્રાથમિક સારવાર આપ્યા બાદ પાલનપુર રેન્જ ફોરેસ્ટ અધિકારી હસમુખ ચૌધરીને જાણ કરી હતી. અને આ વિનયર વેજુને પ્રવીણભાઈ જાતે પાલનપુર ફાસિયા ટેકરા વિસ્તારમાં આવેલ વન વિભાગની ઓફીસ ખાતે લઈ આવ્યા હતા. વન અધિકારીને સોપવામાં આવતા વન વિભાગ દ્વારા સારવાર કરાવી પાંજરામાં રાખવામાં આવ્યુ હતુ.

પાલનપુર-આબુ હાઈવે પર અજાણ્યા વાહન ચાલકની ટક્કરે રાહદારીનું મોત

પાલનપુર

પાલનપુર આબુ હાઈવે પર લીલીવાડી હોટલ પાસેથી પસાર થઈ રહેલ એક રાહદારીને ટક્કર મારી અજાણ્યા વાહનનો ચાલક રફુચક્કર થઈ ગયો હતો. પાલનપુર-આબુ હાઈવે પર લીલીવાડી હોટલ પાસેથી દિયોદર તાલુકાના ખાણોદર ગામના ભાવેશભાઈ ભુતાભાઈ પટેલ ચાલતા જઈ રહ્યા હતા. ત્યારે અહીથી પસાર થઈ રહેલ એક અજાણ્યા વાહન ચાલકે તેઓને અડફેટે લઈ ટક્કર મારતા તેઓને શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેઓને સારવાર અર્થે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન મોત નિપજતા બનાવ અંગે અજાણ્યા વાહન ચાલક સામે દિયોદરના ખાણોદર ગામના મલાભાઈ જેસુંગભાઈ પટેલે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.